![Ontario]

નાણાં મંત્રાલય




***સમાચાર યાદી***

# અંદાજપત્ર **2015** ઑન્ટારિયોના ઇતિહાસમાં મૂળભૂત સુવિધાઓમાં સૌથી મોટું મૂડીરોકાણ કરે છે

*સરકાર ઑન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરે છે, અર્થતંત્ર વિકસાવે છે અને નોકરીઓનું નિર્માણ કરે છે*

23 એપ્રિલ, 2015

નાણાં પ્રધાન (Finance Minister) Charles Sousa એ આજે *2015નું અંદાજપત્ર* જાહેર કર્યું જે આર્થિક વિકાસ અને નવી નોકરીઓને સહાય કરવા મૂળભૂત સુવિધાઓમાં અભૂતપૂર્વ મૂડીરોકાણ સંભવ બનાવે છે.

પરિવારો અને સમુદાયો જે જાહેર સેવાઓ પર આધાર રાખે છે તેને જાળવવાની સાથે અંદાજપત્ર અર્થતંત્રને વિકસાવવાના વધુ નવા માર્ગો શોધવાની સરકારની પ્રતિબદ્ધતા પર કામ કરે છે. તેમાં પ્રાંતની અસ્ક્યામતોનું મૂલ્ય મહત્તમ કરવાનો સમાવેશ થાય છે જેથી ઑન્ટારિયોના ઇતિહાસમાં મૂળભૂત સુવિધાઓમાં સૌથી મોટા મૂડીરોકાણને સહાય કરી શકાય.

ઑન્ટારિયોની સામાજિક જવાબદારીને પ્રતિબદ્ધતા જાળવવાની સાથે પ્રાંત ગ્રાહકની ુવિધા અને વિકલ્પ વધારવા કરિયાણાની દુકાનમાં બીયરના વેચાણને પણ દાખલ કરી રહ્યું છે.

ઑન્ટારિયોના અંદાજ મુજબ વર્ષ 2015-16માં ખાધ 8.5 બિલિયન ડોલરની રહેશે, જે *2014ના અંદાજપત્રની* આગાહી કરતાં ઓછી છે, અને વૈશ્વિક મંદીના પ્રારંભ પછી સૌથી નિમ્ન સ્તરે છે. પ્રાંત ખૂબ જ વિચારીને અને હેતુપૂર્વકનો અભિગમ લઈ વર્ષ 2016–17માં 4.8 બિલિયન ડોલરની અંદાજિત ખાધ સામે સંતુલનનો માર્ગ અપનાવશે. સરકારની ચાર ભાગની યોજના લોકોની પ્રતિભા અને કૌશલ્યોમાં રોકાણ કરીને સડકો અને માર્ગ જેવી જાહેર મૂળભૂત સુવિધાઓનું નિર્માણ કરીને, ગતિશીલ નવીનતાસભર પર્યાવરણ સર્જીને જેમાં વેપાર સફળ થાય અને આગળ વધે તેમજ સુરક્ષિત નિવૃત્તિ બચત યોજનાનું નિર્માણ કરીને ઑન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરે છે.

<u>ઑન્ટારિયોની મૂળભૂત સુવિધામાં વૃદ્ધિ કરવી</u>

જાહેર મૂળભૂત સુવિધાઓનું નવીનીકરણ તેમજ તેનું વિસ્તરણ ભવિષ્યની શિક્ષણ, આરોગ્ય સંભાળ સડક તેમજ માર્ગની જરૂરિયાતોને પૂરી કરવા સાથે ઑન્ટારિયોના દ્યોગોને સહાય કરે છે, નોકરીઓ સર્જે છે અને વૈશ્વિક અર્થતંત્રમાં ઑન્ટારિયોને વધુ સારી સ્પર્ધા આપવાની સ્થિતિમાં ૂકે છે. ઑન્ટારિયો જ્યારે મૂડી રોકે છે

ત્યારે તે નિર્માણ કરી રહ્યું હોય - અને જ્યારે તે નિર્માણ કરી રહ્યું હોય છે ત્યારે તે વિકસી રહ્યું હોય છે. *2015*નું *અંદાજપત્ર* 10 વર્ષમાં જાહેર મૂળભૂત સુવિધામાં 130 બિલિયન ડોલર કરતાં વધુનું અભૂતપૂર્વ મૂડીરોકાણ કરવાની ઑન્ટારિયોની યોજનાને ચાલુ રાખે છે અને વિસ્તારે છે. તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- ઑન્ટારિયોને આગળ વધારવા (Moving Ontario Forward) માટે સમર્પિત ભંડોળમાં 2.6 બિલિયન ડોલરનો વધારો કરી 10 વર્ષમાં 31.5 બિલિયન ડોલરે પહોંચાડવું - ગ્રેટર ટોરન્ટો અને હેમિલ્ટન એરિયા [Greater Toronto and Hamilton Area (GTHA)] માં માર્ગ પ્રકલ્પો માટે 16 બિલિયન ડોલર અને જીટીએચએ (GTHA)ની બહાર પરિવહન અને અન્ય પ્રાથમિકતાવાળા મૂળભૂત સુવિધા પ્રકલ્પો માટે 15 બિલિયન ડોલર પ્રાપ્ય કરવા. આ વધારો પ્રાંતના અસ્ક્યામતોનું મહત્તમ મૂલ્ય કરવાની યોજનાના ઉચ્ચતર લક્ષ્યના કારણે છે; અને

- વર્ષ 2015–16માં સડકો, પુલો, જાહેર માર્ગો, પાણી પ્રણાલિઓ, હૉસ્પિટલો અને શાળાઓ જેવી મૂળભૂત સુવિધાઓ પર 11.9 બિલિયન ડોલરનું યોજનાબદ્ધ મૂડીરોકાણ.

ઑન્ટારિયોના અર્થતંત્રને મજબૂત કરવા અને નોકરી સર્જનને પ્રોત્સાહિત કરવા સરકાર તેની અસ્ક્યામતોનું મૂલ્ય મહત્તમ કરવાની તેની યોજના પર અને જાહેર માર્ગ, પરિવહન અને અન્ય પ્રાથમિકતાવાળા મૂળભૂત સુવિધાના પ્રકલ્પોમાં ટ્રિલિયમ ટ્રસ્ટ (Trillium Trust) દ્વારા ચોખ્ખા નફા (નેટ પ્રોસીડ)નું ફરી મૂડીરોકાણ કરવા આગળ વધી રહી છે. ઑન્ટારિયોને આગળ વધારવા (Moving Ontario Forward) માટે સમર્પિત ભંડોળ વધારવાથી પ્રાથમિકતાવાળા પ્રકલ્પોને વેગ મળશે અને નવા પ્રકલ્પોનો પ્રારંભ થઈ શકશે. અસ્ક્યામતને મહત્તમ કરવાની યોજનામાં નીચેનાનો સમાવેશ થાય છે :

- ટકાઉ જાહેર લાભો તેમજ ચાલુ જાહેર અને દર ચુકવનાર સુરક્ષાઓ સર્જવા Hydro One માલિકીને વ્યાપક બનાવવી.

- વેચાણ માટે મહત્ત્વના સ્થળોએ આવેલી અનેક સ્થાવર સંપત્તિની સમીક્ષા કરવી.

<u>નોકરી સર્જવા વેપાર સાથે ભાગીદારી કરવી</u>

ઑન્ટારિયોએ પુરસ્કૃત કરતી, ઉચ્ચ ચુકવણીવાળી નોકરીઓ સર્જવાનું ચાલુ રાખ્યું છે. જૂન 2009માં મંદીના કારણે નિમ્ન સ્તરે પહોંચ્યા પછી રોજગારીએ મજબૂત રીતે ઊછાળો માર્યો છે અને પાંચ લાખ કરતાં વધુ નવી નોકરીઓ સર્જાઈ છે - જેમાંથી ત્રણ ચતુર્થાંશ જેટલી ઉદ્યોગોમાં છે જેમાં સરેરાશ કરતાં વધુ વેતન છે. વૈશ્વિક આર્થિક મંદી પછીથી ગુમાવેલી તમામ નોકરીઓ પ્રાંતે પાછી મેળવી છે. આ ઉચ્ચ ગુણવત્તાવાળી નોકરીઓ તમામ ઑન્ટારિયનો માટે અંગત વિકાસની તકો આપવાની સાથે આર્થિક સુરક્ષા પણ સર્જે છે તેમજ સમૃદ્ધિ પણ સુનિશ્ચિત કરે છે.

*2015 અંદાજપત્ર* ઑન્ટારિયોના અર્થતંત્રનું ઉચ્ચ નિર્માણ કરવાનું ચાલુ રાખે છે :

- વધુ વેપાર સાથે ભાગીદારી કરીને નોકરીઓ અને સમૃદ્ધિ ભંડોળ (Jobs and Prosperity Fund) 10 વર્ષ માટે વધારીને 2.5 બિલિયન ડોલર કરીને, ઉત્પાદકતામાં વધાર, શોધોમાં વધાર, નિકાસોમાં વૃદ્ધિ અને નોકરીઓનો સર્જન કરે છે. *2015 અંદાજપત્ર* જાહેર કરે છે કે ભંડોળમાં વર્ષ 2015-16માં કુલ 200 મિલિયન ડોલરનો વધારો કરવામાં આવશે, 10 વર્ષ માટે *2.7* બિલિયન ડોલર સુધી ભંડોળ વધારાશે અને વન ઉદ્યોગ ક્ષેત્ર સુધી લાયકાત વિસ્તારાશે.

- વિશાળ ઉત્તરીય ઉદ્યોગ ભવનો જે નોકરીઓ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા ટકાવી રાખે છે તેને લાયક થવા માટે માર્ચ 2016 પછી પણ વીજળી કિંમત સહાય ચાલુ રાખીને.

- સમૃદ્ધ આર્થિક ભવિષ્ય અને વિકસિત સમાજને સુનિશ્ચિત કરવા આબોહવા પરિવર્તનનો હલ કાઢીને ઑન્ટારિયો કાર્બન મૂલ્યનિર્ધારણ વ્યવસ્થા તરીકે મર્યાદા અને વિનિમય પ્રણાલિ સાથે આગળ વધશે. મર્યાદા અને વિનિમય કાર્યક્રમના નફાને મુખ્ય પ્રાથમિકતાઓતરફ વાળવામાં આવશે જેનાથી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ઓછું કરશે.

<u>ઉચ્ચ કૌશલ્યવાળું કાર્યદળ વિકસાવવું</u>

ઑન્ટારિયોની તાકાત તેના લોકો છે. આજે લોકોમાં મૂડી રોકીને અને ઑન્ટારિયનોને યોગ્ય કૌશલ્યો અને યોગ્ય નોકરીઓ મેળવવા માટે જરૂરી સહાય આપીને સરકાર ભવિષ્યના મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરે છે. અંદાજપત્રનાં પગલાંમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- શાળાપૂર્વ (પ્રિસ્કૂલ) અને આખા દિવસના બાલમંદિર (કિન્ડરગાર્ટન)થી લઈને અનુમાધ્યમિક (પૉસ્ટ સેકન્ડરી) શિક્ષણ તથા ધંધા પ્રશિક્ષુતા (એપ્રેન્ટિસશિપ) કાર્યક્રમો સુધી પ્રયોગાત્મક અભ્યાસ પ્રાયોગિક કાર્યક્રમો જેવા નવીન માર્ગો સાથે શિક્ષણ અને કૌશલ્ય પ્રશિક્ષણને સુધારવાનું ચાલુ રાખવું.

- ઑન્ટારિયો યુવા નોકરી રણનીતિ (Ontario Youth Jobs Strategy)માં બે વર્ષમાં 250 મિલિયન ડોલરનું મૂડીરોકાણ કરીને યુવા રોજગારી કાર્યક્રમમાં કુલ મૂડીરોકાણ 565 મિલિયન ડોલર સુધી લાવવું.

- વિદ્યાર્થીઓ માટે આર્થિક સહાયને મજબૂત કરવા માટે ઑન્ટારિયો વિદ્યાર્થી સહાય કાર્યક્રમ (Ontario Student Assistance Program)નું આધુનિકીકરણ કરવું.

<u>જવાબદારીનું પ્રબંધન કરવું</u>

સરકારનો મજબૂત નાણાંકીય પ્રબંધનનો સાબિત થયેલો ઇતિહાસ છે. 2010-11થી પ્રાંતે મહત્ત્વની સેવાઓમાં કાપ મૂક્યા વગર કાર્યક્રમ ખર્ચમાં 1.5 ટકાની સામાન્ય વાર્ષિક વૃદ્ધિ જાળવી છે જે મોંઘવારીના દરની નીચે છે.

*2015 અંદાજપત્ર* નાણાંકીય સંતુલન માટે વધુ પ્રગતિ નીચેનાં પગલાં દ્વારા કરે છે :

- કાર્યક્રમ સમીક્ષા, નવીનીકરણ અને કાયાપલટ (Program Review, Renewal and Transformation - PRRT), જે અનેક-વર્ષીય આયોજન અને અંદાજપત્ર બનાવવા પ્રત્યે મૂળભૂત રીતે નવો અભિગમ છે. તે કાર્યક્રમો અને સેવાઓની કાયાપલટ કરવા તેમજ જે કાર્યક્રમો સારો દેખાવ ન કરતા હોય, મુખ્ય પ્રાથમિકતાઓ સાથે જોડાતા ન હોય અથવા સ્પષ્ટ જાહેર હિતની સેવા ન કરતા હોય તેમને સમાપ્ત કરવાની મુશ્કેલ પસંદગી કરવા માટે ટૂંકા અને લાંબા ગાળાની તકોને ઓળખે છે. વર્ષ 2014-15 માટે અનેક પહેલ, જેણે ક્ષમતાઓને ઓળખી, અગ્રણી સેવાઓને અસર કર્યા વગર ખર્ચ ઓછા કર્યા અથવા પ્રશાસકીય ખર્ચ ઘટાડ્યા, તેના દ્વારા 250 મિલિયન ડોલરના કાર્યક્રમ સમીક્ષા બચત લક્ષ્યાંકને પ્રાપ્ત કરાયો. વર્ષ 2015-16, 2016-17 અને 2017-18 દરેક માટે કાર્યક્રમ સમીક્ષા બચત લક્ષ્યાંક 500 મિલિયન ડોલરનો છે.

- મધ્યમ મુદ્દત માટે કાર્યક્રમ ખર્ચમાં વધારાનું પ્રબંધન કરવું - આ વધારો વર્ષ 2013–14 અને 2017–18 વચ્ચે સરેરાશ 0.9 ટકા જળવાઈ રહેવાનો અંદાજ છે.

    - કુલ આરોગ્ય ક્ષેત્ર ખર્ચ વર્ષ દીઠ 1.9 ટકા વધવા સંભવ છે, શિક્ષણ ક્ષેત્ર ખર્ચ દર વર્ષે 2.0 ટકા વધવા સંભવ છે, બાળકોની અને સામાજિક સેવાઓના ક્ષેત્રનો ખર્ચ દર વર્ષે 2.9 ટકા વધવા સંભવ છે અને ન્યાય ક્ષેત્ર ખર્ચ દર વર્ષે 1.5 ટકા વધવા સંભવ છે.

    - અનુમાધ્યમિક અને પ્રશિક્ષણ ક્ષેત્ર ખર્ચ મોટા ભાગે યથાવત રહેશે અને અન્ય તમામ કાર્યક્રમોનો ખર્ચ વર્ષ દીઠ 5.5 ટકા ઘટવા અનુમાન છે.

- ઑન્ટારિયોના પ્રવર્તમાન નાણાંકીય કાર્યમાળખાની અંદર ઑન્ટારિયો જાહેર સેવા (Ontario Public Service) અને વધુ વ્યાપક સરકારી ક્ષેત્ર સાથે સામૂહિક સમજૂતીઓ પર વાટાઘાટ કરવાનું ચાલુ રાખવું, જેમાં પગાર વધારા માટે અધિક ભંડોળનો સમાવેશ થતો નથી. ચોખ્ખી શૂન્ય સમજૂતી સર્જવા માટે પગારમાં કોઈ પણ મધ્યમ વધારાનું સંતુલન રોજગારદાતા પાસે પ્રાપ્ય હાલના ભંડોળની અંદરના અન્ય પગલાં દ્વારા જ કરાવું જોઈએ.

    - ઑન્ટારિયોના પ્રાંતીય સરકારી ક્ષેત્રમાં જુલાઈ 2012થી સરેરાશ વાર્ષિક વાટાઘાટકૃત પગાર વધારો 0.6 ટકા રહ્યો છે. આ વધારો ઑન્ટારિયોના મહાનગરપાલિકા સરકારી ક્ષેત્ર (1.9 ટકા), ઑન્ટારિયોમાં સંઘીય (ફેડરલ) સરકારી ક્ષેત્ર (1.7 ટકા) અને ઑન્ટારિયોના ખાનગી ક્ષેત્ર (2.0 ટકા) થી ઓછો છે.

- ગેરકાયદે વ્યવહારોના અર્થતંત્ર (અંડરગ્રાઉન્ડ ઇકોનોમી) જે ઑન્ટારિયોમાં વાર્ષિક આર્થિક પ્રવૃત્તિમાં 15 બિલિયન ડોલરનું હોવાનો અંદાજ છે તેની સામે લડીને વેપાર માટે સ્પર્ધાનું સમાન કાર્યસ્થળ આપવામાં મદદ કરવી. પ્રાંત આ કાર્ય માહિતી અને વિશ્લેષણનો વધુ સારો સંગ્રહ કરીને, પ્રતિબંધિત તમાકુના પ્રશ્નનો હલ કરવા વધુ પગલાં લઈને અને કૉર્પોરેટ વેરા ટાળવાનું ઘટાડીને સિદ્ધ કરી રહ્યું છે. ઇલેક્ટ્રોનિક વેચાણને છુપાવવાની ટૅક્નૉલૉજીઓના ઉપયોગ, તેની બનાવટ (મેન્યુફેક્ચર) અથવા વિતરણને ગેરકાયદે જાહેર કરવાનો પ્રસ્તાવ પણ પ્રાંત કરશે.

## અવતરણ

"ઑન્ટારિયોનું વર્ષ 2015નું અંદાજપત્ર પ્રાંતના આર્થિક પ્રબંધન પર અહેવાલથી કંઈક વધુ છે. તે આ પ્રાંતભરના લોકોની જીવનગુણવત્તાની સુરક્ષા કરવા, તેને જાળવી રાખવા તથા તેને વધારવા વિશે છે. ઑન્ટારિયો ઐતિહાસિક મૂળભૂત સુવિધાઓ અને જાહેર માર્ગ મૂડીરોકાણો દ્વારા આધુનિક અર્થતંત્રમાં કેનેડાનું નેતૃત્વ કરવા તૈયાર છે જેનાથી ચીજો વધુ ઝડપથી જ નહીં ફરે અને લોકોને કાર્યસ્થળેથી ઘરે વધુ સલામત રીતે જવામાં સુવિધાજ નહીં મળે પરંતુ સાથે ઑન્ટારિયોને વધુ સ્પર્ધાત્મક બનાવશે, વધુ ઉત્પાદક પ્રાંત બનાવશે.

આ અંદાજપત્રમાં લોકોનાં કૌશલ્યો તથા પ્રશિક્ષણમાં મૂડીરોકાણની, ગતિશીલ અને સ્પર્ધાત્મક વેપાર આબોહવાને સહાય કરવાની, સુરક્ષિત નિવૃત્તિને પ્રોત્સાહિત કરવાની અને આપણા કાર્યક્રમ ખર્ચનું પ્રબંધન કરવાની આપણી યોજનાની રૂપરેખા છે. ઑન્ટારિયો વર્ષ 2017-18 સુધીમાં તેના ખર્ચનું સંતુલન કરવાના માર્ગે છે અને આપણે તે ન્યાયી અને જવાબદાર માર્ગ દ્વારા કરીશું."

— Charles Sousa, નાણાં પ્રધાન (Minister of Finance)

## ઝડપી હકીકતો

મોટા ભાગના ખાનગી ક્ષેત્રના આગાહીકારો આગાહી કરે છે કે ઑન્ટારિયોનું અર્થતંત્ર આગામી બંને વર્ષમાં પ્રાંતીય વૃદ્ધિ આગેવાનોમાં હશે.

- સરકારે વર્ષ 2013-14માં વિદ્યાર્થી અનુદાનો અને ધિરાણોમાં 1.3 બિલિયન ડોલર આપીને 3,80,000 કરતાં વધુ વિદ્યાર્થીઓની મદદ કરી.
- ઑન્ટારિયોના રોજગારી નેટવર્કે (Employment Ontario) વર્ષ 2013–14માં અંદાજે દસ લાખ (એક મિલિયન) ઑન્ટારિયનોની મદદ કરી હતી જેમાં 1,50,000 રોજગારદાતાઓનો સમાવેશ થાય છે.
- 1 જૂન 2014ના રોજ કલાકનું લઘુતમ વેતન વધારી 11 ડોલર કરાયું. ઑક્ટોબર 2015માં તે વધીને 11.25 ડોલર થશે.

## વધુ જાણો

[વર્ષ 2015નું ઑન્ટારિયો અંદાજપત્ર વાંચો]

અંદાજપત્ર પ્રવચન વાંચો

વર્ષ 2015ના ઑન્ટારિયો અંદાજપત્રના મુખ્ય અંશો વાંચો

વર્ષ 2015ના ઑન્ટારિયો અંદાજપત્ર પર પૃષ્ઠભૂમિની માહિતી વાંચો :

- ઑન્ટારિયોની મૂળભૂત સુવિધાઓમાં વૃદ્ધિ કરવી
- નોકરીઓ સર્જવા વેપાર સાથે ભાગીદારી કરવી
- ઉચ્ચ કૌશલ્યોવાળું કાર્યદળ વિકસાવવું
- તમામ ઑન્ટારિયનો માટે ન્યાયી સમાજમાં મૂડીરોકાણ કરવું
- રાષ્ટ્રીય નેતૃત્વ- મજબૂત ઑન્ટારિયો, મજબૂત કેનેડા
- તમામ ઑન્ટારિયનો માટે નિવૃત્તિ સુરક્ષાને મજબૂત કરવી
- ઑન્ટારિયોનું ઉચ્ચ નિર્માણ કરવા મહત્તમ મૂલ્ય કરવું

સરકારની અસ્ક્યામતો પર મુખ્ય પ્રધાનની સલાહકારી પરિષદની અંતિમ ભલામણો વાંચો

---

માત્ર માધ્યમોની પૃચ્છા માટે :
Kelsey Ingram, પ્રધાનનું કાર્યાલય (Minister’s Office),
416-326-1409
Scott Blodgett, નાણાં મંત્રાલય (Ministry of Finance),
416-325-0324

Ontario.ca/budget
Disponible en français

પૃચ્છા માટે લોકો અહીં કૉલ કરે :
1-800-337-7222
ટીટીવાય (TTY): 1-800-263-7776